ક્રિ.કેસ નં. ૬૭૯૮/૨૦૨૧
આંક–

**૨૮ માં એડી. સીનીયર સિવીલ જજ અને એડી. ચીફ જ્યુ. મેજી., વડોદરા**

**શ્રી સરકાર ......... ફરીયાદી**
**વિ.**
**રતનસિંહ હિંમતસિંહ પરમાર .......... આરોપી**

**ગુન્હો : ભારતીય દંડ સંહિતાની કલમ –૨૮૩ મુજબ**

**:: હુકમ ::**
**(ગુન્હા કબુલાત કરતા)**

(૧) આ કામના આરોપી સામે આક્ષેપીત ગુન્હો એવો છે કે તેઓએ જાહેર માર્ગ પર અવરોધ કે જોખમ ઉભુ થાય તેવુ કૃત્ય કરેલ છે. આ પ્રકારના આક્ષેપીત ગુન્હા સંબંધેની ફરિયાદ આરોપી સામે નોંધી તપાસના અંતે તપાસ કરનાર અમલદારે ચાર્જશીટ રજુ કરતાં તેને ફોજદારી કેસ રજીસ્ટરે નોંધી હાલનો કેસ નંબર આપવામાં આવેલ છે.
(૨) ગુન્હાના કામે આરોપી હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ, પોલીસ પેપર્સની નકલનો અભ્યાસ કર્યા બાદ આરોપીએ તેઓ આ ગુન્હો સ્વેચ્છીક રીતે કબુલ કરતા હોવાનું જણાવી તે સંબંધે કબુલાત પુરસીશ રજુ કરેલ તથા તેઓનો પ્રથમ ગુન્હો હોય ગરીબ માણસ હોય રહેમ નજર રાખી શકય તેટલી ઓછી સજા કરવા અરજ કરેલ. આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ તેમાં પણ તેઓએ ગુન્હો સ્વેચ્છીક કબુલ કરતા હોવાનું જણાવેલ.
(૩) કેસની હકીકત તથા આરોપીનો આ પ્રથમ વખતનો ગુન્હો હોવાની રજુઆત ધ્યાને લેતાં આરોપીને પુરેપુરો દંડ નહી કરતા તેથી અડધી રકમનો દંડ ભરવાનો આદેશ કરવામાં આવે તો તે પણ યોગ્ય અને ન્યાયીક હોવાનું જણાતુ હોય આ કામે નીચે મુજબનો ન્યાયીક હુકમ કરવામાં આવે છે.

**: હુકમ :**

(૧) આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ –૨૫૨ મુજબ તેઓ સામેના આક્ષેપીત **ભારતીય દંડ સંહિતાનીકલમ–૨૮૩** મુજબના ગુન્હાના કામે તકસીરવાન ઠરાવવામાં આવે છે અને આરોપીને રૂા. ૧૦૦/– (અંકે રૂપીયા સો પુરા) દંડ કરવામાં આવે છે.
(૨) દંડની રકમ ભરપાઈ કરવાની કસુર બદલ દિન–૧ ની સાદી કેદની સજા કરવામાં આવે છે.
(૩) મુદ્દામાલ વાહન અંગે વચગાળાના તબકકે કરવામાં આવેલ હુકમ અપીલ સમય વિત્યે કાયમ કરવામાં આવે છે, જો વચગાળાના તબકકે કોઈ હુકમ થયેલ ન હોય તો વાહન તેના આર.સી.બુક ઓનરને પરત સોંપી આપવા હુકમ કરવામાં આવે છે.
(૪) હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.
તા.૧૦/૦૭/૨૦૨૧

દશરથસિંહ જાલમસિંહ પરમાર
૨૮ માં એડી.સીની.સિવીલ જજ અને
એડી. ચીફ જ્યુ.મેજી., વડોદરા.
જી.જે.૦૧૧૭૧